આકાશવાણી, અમદાવાદ

21-05-2025 Midday : 2.30 to 2.35 pm

Wednesday Regional News

## ASIATIC LION-CENSUS

રાજ્યમાં એશિયાઈ સિંહની સંખ્યા 891 થઈ છે. ગાંધીનગરમાં આજે 16મી સિંહ વસ્તી અંદાજના આંકડાઓની જાહેરાત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વન્ય પ્રાણી સંરક્ષણના સરકારના અભિગમથી જ સિંહોનું સંખ્યાબળ ઉત્તરોત્તર વધ્યું છે. શ્રી પટેલે ઉમેર્યું આ વખતે વસતિ ગણતરી દરમિયાન આધુનિક ટેકનોલોજી અને ડાયરેક્ટ બીટ વેરિફિકેશન- બ્લોક કાઉન્ટ પદ્ધતિનો ઉપયોગ કરાયો. દરમિયાન શ્રી પટેલે સિંહના જતન, સંવર્ધન અને સંરક્ષણ માટેની પ્રતિબદ્ધતા પ્રોજેક્ટ લાયન 2047 વધુ સંગીન રીતે સાકાર કરશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો. તેમણે વધુ વિગતો આપતા કહ્યું કે, 196 નર, 330 માદા તથા પાઠડા અને બાળ સિંહ મળીને 891 સિહોની સંખ્યા નોંધાઈ છે. વર્ષ 2001માં સિંહની સંખ્યા 327, 2005માં 359, 2010માં 411, 2015માં 523 અને 2020માં 674 સિંહની સંખ્યા નોંધાઈ હતી.

. . . . . . . . . .

## CM CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મંત્રીમંડળની બેઠક યોજાઇ. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંભવિત ગુજરાત પ્રવાસ અંગેની તૈયારીઓની સમીક્ષા થઈ. ઉપરાંત બેઠકમાં સિંહોની ગણતરીના આંકડા સહિતની વિગતો રજૂ કરવામાં આવી. હવામાન વિભાગની આગાહીના પગલે સતર્ક રહી તૈયારીઓ અને પીવાના તથા સિંચાઈના પાણીની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી.

. . . . . . . . . . .

## DAHOD NIRIKSHAN

દાહોદ વહીવટી તંત્ર દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમન માટેની કામગીરી કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીના કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરવા પ્રભારી સચિવ રાજકુમાર બેનિવાલે આજે સભાસ્થળની મુલાકાત પણ લીધી. તેમણે કાર્યક્રમની તૈયારીમાં અને કાર્યક્રમમાં આવનારા લોકોને કોઈ મુશ્કેલી ન પડે તેમજ વરસાદી વાતાવરણને ધ્યાને રાખીને સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન આપ્યું.

. . . . . . . . . . .

## RAIN DATA

રાજ્યમાં આજે અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ થયાના અહેવાલ છે. સત્તાવાર યાદી મુજબ, સવારે છ વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધીમાં કુલ 42 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો. તેમાં સૌથી વધુ બે ઈંચ વરસાદ ભરૂચના અંકલેશ્વરમાં વરસ્યો છે. જ્યારે અમરેલીના સાવરકુંડલામાં દોઢ ઈંચથી વધુ, સુરતના ઉમરપાડા, ભરૂચના ઝઘડિયા અને હાંસોટ તેમજ ગીરસોમનાથના તાલાળામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

. . . . . . . . . . .

## GOVERNOR ANTI TERRORISM

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આતંકવાદ વિરોધી દિવસ નિમિત્તે આજે રાજભવનમાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓને શપથ લેવડાવ્યા. શ્રી દેવવ્રતે કહ્યું, આપણે ભારતવાસીઓ અહિંસા અને સહનશીલતાની પરંપરામાં દ્રઢ વિશ્વાસ ધરાવીએ છીએ, સાથોસાથ શપથ પણ લઈએ છીએ કે, આતંકવાદ અને હિંસાનો જોરદાર વિરોધ કરીશું. તેમણે જણાવ્યું કે, આપણે સમાજના વિવિધ વર્ગો વચ્ચે હંમેશા શાંતિ, સામાજિક સદભાવ અને સમજણ જળવાઈ રહે તે માટેના શપથ લઈએ છીએ, અને માનવજીવન મૂલ્યો સામે મુશ્કેલી ઉભી કરનારી વિઘટનકારી શક્તિઓ સામે લડવાના પણ શપથ લઈએ છીએ.

. . . . . . . . . . .

## JAMNAGAR DABAAN

દરિયાઈ સુરક્ષાને સુદ્રઢ બનાવવા જામનગર જિલ્લામાં અનઅધિકૃત દબાણ દૂર કરાયા છે. બેડી મરીન પોલીસ મથકના વિસ્તારમાં અનઅધિકૃત દબાણ તેમજ દરિયાઈ અભયારણ્ય તથા ખીજડીયા પક્ષી અભયારણ્યની જૈવ વિવિધતા તથા મેન્ગ્રુવને જોખમરૂપ ૭ જેટલા અનઅધિકૃત દબાણ દૂર કરાયા છે. આ સમગ્ર કામગીરી જામનગર જિલ્લા પોલીસ દ્વારા વન વિભાગની સાથે સંકલનમાં કરવામાં આવી છે.

. . . . . . . . . . .

## MEHSANA PASHU MELO

મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા કડી તાલુકાના ડાંગરવા, અમરાપુરા, ઢોરિયા જેવા પાંચ ગામમાં નિઃશુલ્ક પશુ આરોગ્ય મેળો યોજાયો, જેમાં 512 જેટલા પશુઓનું નિદાન કરી તેમને સારવાર આપવામાં આવી. દરમિયાન તબીબોએ પશુપાલકોને પશુઓના રોગ અંગે માહિતી પણ આપી હતી.

. . . . . . . . . . .

## MAHISAGAR BHARATI MELO

કચ્છમાં વિદ્યાસહાયકની ભરતી માટે અરજી કરવા મહીસાગરના લુણાવાડામાં ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવી છે. અરજી સ્વીકારવાના આજે છેલ્લા દિવસ સુધીમાં જિલ્લામાં પ્રાથમિક વિભાગ માટે 230 અને ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં 695 અરજી એમ કુલ 925થી વધુ અરજી પ્રાપ્ત થઈ છે. આ અંગે મદદનીશ કેળવણી નિરીક્ષક જે. કે. પટેલે વધુ માહિતી આપી.

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં વિદ્યાસહાયકોની વિશેષ ભરતી માટે કુલ ચાર હજાર 100 જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.

. . . . . . . . . . . .